દિવ્યાંગોને મોટરાઇઝડ ટ્રાયસીકલ તથા
જોયસ્ટીક વ્હીલચેર આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-SJED/MIS/e-file/17/2024/2575/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. As per e-sign.

20 MAR 2026

વંચાણે લીધા:-

( ૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૬/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક :- SJED/MIS/e-file/17/2024/2575/CHH-1.

<u>સુધારા ઠરાવ:-</u>

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૫ના ઠરાવથી દિવ્યાંગોને મોટરાઇઝડ ટ્રાયસીકલ તથા જોયસ્ટીક વ્હીલચેર આપવા બાબતની વર્ષ ૨૦૨૫-૨૬ની કુલ રૂ.૬૦.૦૦ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત ઠરાવની જોગવાઇથી નિયત સંખ્યામાં લાભાર્થીઓને સાધન સહાય આપવા બાબતે કરેલ જોગવાઇમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

"૪૦૦૦ લાભાર્થીને મોટરાઇઝડ ટ્રાયસીકલ અને ૪૦૦૦ લાભાર્થીને જોયસ્ટીક વ્હિલચેર આપવાની જોગવાઇના સ્થાને <u>કુલ-૮૦૦૦ લાભાર્થીઓને મોટરાઇઝડ ટ્રાયસીકલ અથવા જોયસ્ટીક વ્હિલચેર આ બંન્નેમાંથી કોઇપણ એક સાધન આપી શકાશે.</u>"

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૫ના ઠરાવની અન્ય જોગવાઇ-શરતો યથાવત રહેશે.

ઉક્ત સુધારેલ ઠરાવ સરખા ક્રમાંકની ઇ-ફાઇલ ઉપર માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ની તા.૧૩/૦૧/૨૦૨૬ની તેમજ નાણા વિભાગની તા.૧૧/૦૩/૨૦૨૬ની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.